# તંત્રી લેખ......

## અમેરિકા ટેન્શનમાં! : ડોનાલ્ડ ટ્રમ્પની ધમકીઓ વચ્ચે ભારત સરકારના મોટા અધિકારી રશિયા પહોંચ્યા

રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા બદલ ભારત સામે ભારે ટેરિફ લાદવાની ટ્રમ્પની ધમકીઓ વચ્ચે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ મોસ્કો પહોંચ્યા છે. આ સમય દરમિયાન અજિત ડોભાલ રશિયન સરકારના વરિષ્ઠ રણનીતિકારોને મળશે. અજિત ડોભાલ પ્રમુખ પુતિનને પણ મળી શકે છે.

રશિયન સમાચાર એજન્સી TASS અનુસાર, અજિત ડોભાલ રશિયન નેતાઓ સાથે વ્યૂહાત્મક ભાગીદારી અને પરસ્પર સંબંધો સુધારવા અંગે ચર્ચા કરશે. અજિત ડોભાલની રશિયા મુલાકાત અમેરિકા અને ભારત વચ્ચે ખૂબ જ નાજુક સ્થિતિ વચ્ચે યોજાઈ રહી છે.

હાલમાં અમેરિકન પ્રમુખ ટ્રમ્પ ભારત દ્વારા રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા પર ગુસ્સે છે. તેમણે એક સાથે બે ધમકીઓ આપી છે. ટ્રમ્પે કહ્યું છે કે ભારત મોસ્કો પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદીને રશિયાના યુક્રેન યુદ્ધને ભંડોળ પૂરું પાડી રહ્યું છે. તેથી, ભારતે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનું બંધ કરવું જોઈએ. નહીં તો, અમેરિકા ભારત પર ભારે ટેરિફ લાદશે.આ સાથે, ટ્રમ્પે રશિયાને યુક્રેન યુદ્ધમાં ટૂંક સમયમાં યુદ્ધવિરામ જાહેર કરવા પણ કહ્યું છે. ટ્રમ્પે કહ્યું છે કે જો રશિયા યુદ્ધવિરામ નહીં કરે તો અમેરિકા કડક પ્રતિબંધો લાદશે. અજિત ડોભાલની રશિયાની મુલાકાત આવા તણાવપૂર્ણ વાતાવરણમાં થઈ રહી છે. જોકે તેમની મુલાકાત પૂર્વનિર્ધારિત હતી. પરંતુ વર્તમાન વાતાવરણે આ મુલાકાતને વધુ મહત્વપૂર્ણ બનાવી દીધી છે. રશિયન સમાચાર એજન્સી TASS અનુસાર, આ એક પૂર્વનિર્ધારિત મુલાકાત છે. તેનો એજન્ડા ભારત અને રશિયા વચ્ચે સંરક્ષણ સહયોગ પર કેન્દ્રિત રહેશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, "ભૌગોલિક રાજકીય પરિસ્થિતિમાં વર્તમાન તણાવ પર પણ ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત, ભારતને રશિયન તેલ સપ્લાય જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પણ તેમાં સામેલ કરવામાં આવશે."

### ૪૦ ગામ ઉજ્જડ, ૧૨ લાખ લોકોનું સ્થળાંતર

## પાકિસ્તાન પર વધુ એક આફત, સિંધુ નદીનું ૮૦% પાણી ખતમ

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈસ્લામાબાદ

પાડોશી દેશ પાકિસ્તાન હાલમાં કુદરતી આફતનો સામનો કરી રહ્યું છે. દેશના દક્ષિણ ભાગમાં સિંધુ ડેલ્ટા સૂકાઈ ગયું છે. પરિસ્થિતિ એવી છે કે લોકો ત્યાંથી સ્થળાંતર કરી રહ્યા છે અને લગભગ ૪૦ વસ્તીવાળા ગામો ઉજ્જડ થઈ ગયા છે અને આ સાથે સિંધુ ડેલ્ટામાં એક સ્થાયી સભ્યતાનો નાશ થયો છે. આ સિંધ પ્રાંતના દક્ષિણ છેડે અરબી સમુદ્રને અડીને આવેલા સિંધુ ડેલ્ટામાં સ્થિત તે ગામોની દર્દનાક કહાની છે, જ્યાં લોકો પરંપરાગત રીતે ખેતી અને માછીમારી કરતા હતા, પરંતુ તાજેતરના વર્ષોમાં, દરિયાના પાણીએ ત્યાં અતિક્રમણ કર્યું છે અને બધું જ નાશ કરી દીધું છે. હવે આ વિસ્તારના ગામોમાંથી લગભગ ૧૨ લાખ લોકો સ્થળાંતર કરી ચૂક્યા છે. તેમાંથી મોટાભાગના કરાચીમાં સ્થાયી થયા છે. ખારો ચાનમાં પહેલા ૪૦ ગામો હતા, પરંતુ દરિયાના પાણી વધવાને કારણે તેમાંથી મોટાભાગના હવે અદ્રશ્ય થઈ ગયા છે. વસ્તી ગણતરીના ડેટા અનુસાર, ૧૯૮૧માં તે શહેરની વસ્તી લગભગ ૨૬૦૦૦ હતી, જે ૨૦૨૩માં ઘટીને ૧૧,૦૦૦ થઈ ગઈ છે. આ ડેલ્ટામાંથી લગભગ ૧૨ લાખ લોકો સ્થળાંતરિત થયા છે. થિંક ટેંક જિન્ના ઈન્સ્ટિટ્યૂટ દ્વારા પ્રકાશિત એક અહેવાલમાં જણાવાયું છે કે છેલ્લા બે દાયકામાં સિંધુ ડેલ્ટામાંથી લગભગ ૧૨ લાખ લોકો સ્થળાંતરિત થયા છે.

યુએસ-પાકિસ્તાન સેન્ટર ફોર એડવાન્સ્ડ સ્ટડીઝ ઈન વોટર દ્વારા ૨૦૧૮માં કરાયેલા અભ્યાસ મુજબ, સિંચાઈ નહેરો, જળવિદ્યુત બંધો અને પીગળતી હિમનદીઓ અને બરફ પર આબોહવા પરિવર્તનની અસરોને કારણે ૧૯૫૦ના દાયકાથી સિંધુ ડેલ્ટામાં પાણીનો પ્રવાહ ૮૦ ટકા ઘટ્યો છે. આના કારણે દરિયાઈ પાણી ડેલ્ટામાં વિનાશક ઘૂસણખોરી કરી રહ્યું છે અને નજીકના ગામડાઓ ડૂબી ગયા છે. અહેવાલમાં જણાવાયું છે કે ૧૯૯૦થી, ડેલ્ટાના પાણીની ખારાશ લગભગ ૭૦% વધી ગઈ છે, જેના કારણે ત્યાં પાક ઉગાડવાનું અશક્ય બન્યું છે અને લોબસ્ટર અને કરચલાની પ્રજાતિઓનો નાશ થયો છે.

તિબેટમાંથી નીકળતી સિંધુ નદી પાકિસ્તાનમાં જતાં પહેલા કાશ્મીરમાંથી વહે છે. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી ભારતે સિંધુ જળ સંધિ સસ્પેન્ડ કરી દીધી છે. આનાથી સિંધુમાં પાણીનો પ્રવાહ પણ ઓછો થયો છે.

## હવે ACની જેમ ગેસની સગડી માટે કેન્દ્ર સરકારે સ્ટાર રેટિંગ નક્કી કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઊર્જા સંરક્ષણ અને ગ્રીન કિચન બનાવવાની દિશામાં કેન્દ્ર સરકારનું મહત્ત્વનું પગલું ભરતાં હવે ગેસની સગડી માટે એર કંડિશનર અને અન્ય વિદ્યુત ઉપકરણોની જેમ ગેસ સ્ટવ માટે ઊર્જા કાર્યક્ષમતાના ધોરણો ફરજિયાત કરી દીધા છે. એટલે કે, જે રીતે એસી (AC) માટે સ્ટાર રેટિંગ ફરજિયાત છે, તે રીતે હવે LPG ગેસ સગડી માટે પણ રેટિંગ સ્ટાર ફરજિયાત કરી દીધા છે. મનોહર લાલ ખટ્ટરના નેતૃત્વ હેઠળના કેન્દ્રીય ઊર્જા મંત્રાલય દ્વારા ઘરેલું LPG સ્ટવ માટે નવા ફરજિયાત ઊર્જા વપરાશ ધોરણોને સૂચિત કર્યા છે. જે ૧ જાન્યુઆરી, ૨૦૨૬થી અમલમાં આવશે. ઊર્જા સંરક્ષણ અધિનિયમ, ૨૦૦૧ હેઠળ જારી કરવામાં આવેલા આ આદેશ, ઘરેલું ઊર્જા કાર્યક્ષમતા સુધારવા માટે ચાલી રહેલી કોશિશનો એક ભાગ છે. તે સરકારી ગેઝેટમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે. સૂચનામાં કહેવામાં આવ્યું કે, ભારતમાં ઉપયોગમાં લેવાતાં તમામ ઘરેલું LPG સગડી, ભલે પછી તે આયાત કરવામાં આવેલી હોય કે ન હોય, તે તમામને ભારતીય માનક (IS) ૪૨૪૬માં પરિભાષિત થર્મલ કાર્યક્ષમતા ધોરણોનું પાલન કરવું જરુરી છે. આ આદેશો ઊર્જા કાર્યક્ષમતા બ્યુરો (BEE) સાથે પરામર્શની સલાહ બાદ જારી કરવામાં આવ્યા છે અને થર્મલ કાર્યક્ષમતા દર્શાવવા માટે સગડી પર સ્ટાર લેબલિંગ કરવું પણ ફરજિયાત બનાવવામાં આવ્યું છે. નવી લેબલિંગ યોજનામાં LPG સગડીની થર્મલ કાર્યક્ષમતાના આધારે ૧થી ૫ સ્ટાર સુધીના સ્ટાર રેટિંગનો સમાવેશ કરવામાં આવ્યો છે. રેટિંગ ચાર્ટમાં નીચેના ધોરણો નક્કી કરવામાં આવ્યા છે.

૧ સ્ટારવાળી સગડીની કાર્યક્ષમતા =૬૮% અને ૬૭૦%

૨ સ્ટારવાળી સગડીની કાર્યક્ષમતાઃ =૭૦% અને ૬૭૨%.

૩ સ્ટારવાળી સગડીની કાર્યક્ષમતાઃ =૭૨% અને ૬૭૪%

૪ સ્ટારવાળી સગડીની કાર્યક્ષમતાઃ =૭૪% અને ૬૭૬% અને

૫ સ્ટારવાળી સગડીની કાર્યક્ષમતાઃ =૭૬%.

અધિસૂચનામાં જણાવ્યા પ્રમાણે સ્ટાર રેટિંગ માહિતી દરેક ઉપકરણ પર એક અધિકૃત લેબલના માધ્યમથી સ્ટાર રેટિંગની માહિતી પ્રદર્શિત કરવામાં આવશે, જેથી ગ્રાહકો વિવિધ સગડીના મોડેલોની ઊર્જા પ્રદર્શનની સરળતાથી તુલના કરી શકે. લેબલિંગ સમયગાળો ૧ જાન્યુઆરી, ૨૦૨૬થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૮ સુધી માન્ય રહેશે, ત્યારબાદ જો જરૂરી હોય તો દર બે વર્ષે કે તે પહેલાં તેની સમીક્ષા કરવામાં આવશે.

### રાજ્યભરના તમામ જિલ્લાઓમાં આજ તા. ૦૬ થી ૧૨ ઓગસ્ટ સુધી 'સંસ્કૃત સપ્તાહ'ની ઉજવણી

## તમામ ભાષાઓની જનની એવી સંસ્કૃત ભાષાને આજની યુવા પેઢી જાણે-સમજે તેવા હેતુ સાથે રાજ્યભરમાં 'સંસ્કૃત સપ્તાહ'ની ઉજવણીનો પ્રારંભ : શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોર

### ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાના 'સંસ્કૃત સપ્તાહ મહોત્સવ' અંતર્ગત આયોજિત ભવ્ય 'સંસ્કૃત ગૌરવ યાત્રા'ને પ્રસ્થાન કરાવતાં શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોર



ભારતના મહાન વેદો તેમજ તમામ ભાષાઓની જનની એવી 'સંસ્કૃત' ભાષાને આજની યુવા પેઢી જાણે-સમજે અને જીવનમાં ઉતારે તેવા હેતુથી રાજ્યભરમાં આજથી તા. ૦૬ થી ૧૨ ઓગસ્ટ સુધી રાજ્ય સરકાર દ્વારા 'સંસ્કૃત સપ્તાહ'ની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા અમલી નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનું જ્ઞાન વિદ્યાર્થીઓમાં આવે તે માટે અભ્યાસક્રમમાં પણ સંસ્કૃત ભાષાને વિશેષ પ્રાધાન્ય આપ્યું છે તેમ,આજે પેથાપુર ગાંધીનગર ખાતે શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે જણાવ્યું હતું.

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી તેમજ સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ રાજ્યકક્ષાના 'સંસ્કૃત સપ્તાહ મહોત્સવ' અંતર્ગત ગાંધીનગરના પેથાપુર ખાતે આજે ભવ્ય 'વેદયાત્રા-સંસ્કૃત ગૌરવ યાત્રા'ને પૂજાવિધિ તેમજ મંત્રોચ્ચાર સાથે શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોર તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મીરાબેન પટેલ દ્વારા પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

સંસ્કૃત ભાષાનું આપણે સૌને ગૌરવ હોવું જોઈએ તેમ જણાવી શિક્ષણ મંત્રી ડૉ. ડિંડોરે કહ્યું કે, દર વર્ષે 'રક્ષાબંધન'ના દિવસે ગુજરાત સહિત ભારતભરમાં સંસ્કૃત દિવસ ઉજવવામાં આવે ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા આજથી રાજ્યભરના તમામ જિલ્લોમાં સંસ્કૃત સપ્તાહ ઉજવવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સંસ્કૃત ભાષાના વધુ પ્રચાર-પ્રસાર માટે 'જયતુ સંસ્કૃતમ્ જયતુ ભારતમ્'ના મંત્ર સાથે આ સપ્તાહ દરમિયાન સંસ્કૃત ગૌરવ યાત્રા, સંભાષણ દિવસ, સંસ્કૃત સાહિત્ય દિવસ, સામવેદ, ઋગ્વેદ, યજુર્વેદ અને અથર્વવેદ સહિત વેદોનું પૂજન, ઋષિ પૂજન, શાસ્ત્રો પૂજન વગેરે દિવસોની ઉજવણી સ્વરૂપે વિવિધ કાર્યક્રમ કરવામાં આવશે. જ્યારે સપ્તાહના છેલ્લા દિવસે એટલે કે તા. ૧૨ ઓગસ્ટના રોજ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં સમાપન કાર્યક્રમ યોજાશે તેમ,જણાવી મંત્રીશ્રીએ સૌને સંસ્કૃત સપ્તાહની શુભેચ્છાઓ પાઠવીને આ સપ્તાહમાં સહભાગી થવા આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રિટાબેન પટેલ, જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે પટેલ તેમજ ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ભગવાનભાઈ પ્રજાપતિ વિશેષ ઉપસ્થિતિ રહી આ યાત્રામાં સહભાગી થયા હતા.

'જયતુ સંસ્કૃતમ્ જયતુ ભારતમ્'ના સૂત્રોચ્ચાર તેમજ સંસ્કૃત ભાષાને પ્રોત્સાહિત કરતા પ્લે કાર્ડ સાથે રામદેવપીર મંદિરથી પેથાપુર ચોકડી સુધી યોજાયેલી ''સંસ્કૃત ગૌરવ યાત્રા'માં જિલ્લા વહીવટીતંત્ર- રાજ્ય સંસ્કૃત બોર્ડના ઉચ્ચ અધિકારીઓ, સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજના ડૉ. મહેન્દ્રસિંહ વાઘેલા, પ્રિન્સિપાલ ડૉ. આશિષ દવે, માધ્યમિક શાળા, સંસ્કૃત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ સહિત અંદાજે ૬૫૦થી વધુ સંસ્કૃત પ્રેમીઓ સહભાગી થયા હતા.

- જનક દેસાઈ

## ગાંધીનગર ખાતે સહકારિતા મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માના અધ્યક્ષસ્થાને ત્રિપુરાના સહકારિતા મંત્રી શ્રી શુક્લ ચરણ નોઆતિયા સહિત પ્રતિનિધિ મંડળ સાથે બેઠક યોજાઈ

કેન્દ્રિય સહકારિતા મંત્રી શ્રી અમિત શાહની અધ્યક્ષતામાં દિલ્હી ખાતે દેશના અલગ અલગ રાજ્યોના સહકારિતા મંત્રીશ્રીઓ સાથે બેઠક યોજાઈ હતી. જેમાં તેમણે સહકારિતા ક્ષેત્રે અગ્રેસર ગુજરાતની મુલાકાત કરવા સર્વે મંત્રીશ્રીઓને અનુરોધ કર્યો હતો. જેના ભાગરૂપે તા. ૪ થી ૭ ઓગષ્ટ સુધી ત્રિપુરાના સહકારિતા મંત્રી શ્રી શુક્લ ચરણ નોઆતિયા સહિત અધિકારીઓનું પ્રતિનિધિ મંડળ રાજ્યના પ્રવાસે પધાર્યું છે.

આજે ગાંધીનગરના સર્કિટ હાઉસ ખાતે સહકારિતા મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માના અધ્યક્ષસ્થાને ત્રિપુરાના સહકારિતા મંત્રી શ્રી શુક્લ ચરણ નોઆતિયા સહિત પ્રતિનિધિ મંડળ સાથે બેઠક યોજાઈ હતી. જેમાં સહકારિતા મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ ત્રિપુરાના સહકારિતા મંત્રીશ્રી સહિત અધિકારીઓના પ્રતિનિધિ મંડળને ગુજરાતના સહકારિતા મોડેલ વિશે વિગતવાર માહિતી આપી જરૂરી તમામ સહાયની તત્પરતા દર્શાવી હતી.



આ પ્રસંગે સહકારિતા મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને કેન્દ્રિય સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં આજે ગુજરાતે સહકારિતા ક્ષેત્રમાં અનેક નોંધપાત્ર સિદ્ધિઓ હાંસિલ કરી છે, જેને રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સુપેરે આગળ વધારી રહ્યા છે. જેના પરિણામે સહકારિતા ક્ષેત્રે સૌના સાથ અને સહકાર થકી રાજ્યના ખેડૂતો, પશુપાલકો અને સહકાર ક્ષેત્રે સંકળાયેલા નાગરિકોને તેનો મહત્તમ ફાયદો મળી રહ્યો છે. સહકારિતા મંત્રી શ્રી વિશ્વકર્માએ ત્રિપુરાના પ્રતિનિધિ મંડળ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોનો યોગ્ય ઉત્તર આપી જરૂરી માર્ગદર્શન પણ પૂરું પડ્યું હતું.

રાજ્યની મુલાકાતે પધારેલા ત્રિપુરાના સહકારિતા મંત્રી શ્રી શુક્લ ચરણ નોઆતિયાએ જણાવ્યું હતું કે, કેન્દ્રિય સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના નેતૃત્વમાં કો-ઓપેરેશન વિભાગ સહકારથી સમૃદ્ધિના વિઝન થકી દેશના ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવામાં મહત્વનો ફાળો આપી રહ્યો છે. તેમણે કહ્યું કે, અમે પણ ત્રિપુરામાં ગુજરાતની જેમ જ સહકારિતા ક્ષેત્રનો વિકાસ કરીને ખેડૂતો અને પશુપાલકો માટે વધુ રોજગારી ઊભી કરીશું, જેના પરિણામે ત્રિપુરાના ગ્રામીણ અર્થતંત્રનો ખૂબ વિકાસ થશે. આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સમગ્ર વિશ્વમાં ચોથા નંબરની અર્થવ્યવસ્થા છે, તેમાં સહકારી ક્ષેત્રનો ખૂબ મોટો ફાળો રહેલો છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

ગુજરાત પ્રવાસ દરમિયાન ત્રિપુરાના સહકારિતા મંત્રી શ્રી શુક્લ ચરણ નોઆતિયા સહિત અધિકારીઓના પ્રતિનિધિ મંડળે ગત રોજ બનાસ ડેરીની મુલાકાત લઈને વિગતો મેળવી હતી.

વધુમાં, આ પ્રતિનિધિ મંડળ અમૂલ ડેરી, ત્રિભોવન સહકારી યુનિવર્સિટી, GSC બેંક તેમજ વિવિધ પેક્સ મંડળીઓ અને દૂધ મંડળીઓની સંભવિત મુલાકાત થકી વિસ્તૃત માહિતી મેળવશે.

આ બેઠકમાં સહકારિતા વિભાગના સચિવ શ્રી સંદિપકુમારના માર્ગદર્શનમાં સહકારી મંડળીઓ વિશે વિગતવાર માહિતી આપતા રજિસ્ટ્રાર શ્રી મીતેશ પંડયાએ જણાવ્યું હતું કે, રાજ્યના ૩૩ જિલ્લાઓના ૨૫૧ તાલુકાઓમાં કુલ ૮૯ હજાર કરતાં વધુ સહકારી મંડળીઓ કાર્યરત છે, જેમાં ૧.૮૮ કરોડ કરતાં વધુ સભાસદો જોડાયેલા છે.

આ ઉપરાંત રાજ્યમાં ૧૦ હજાર કરતાં વધુ પેક્સ, ૧૬ હજાર કરતાં વધુ દૂધ ઉત્પાદન સમિતિઓ, ૩૦ હજાર કરતાં વધુ હાઉસિંગ સર્વિસ સમિતિઓ, ૨૨૫ જેટલી APMC, ૧૩ સુગર મિલ, ઈથેનોલ પ્લાન્ટ સહિત સહકાર ક્ષેત્રે અનેક મૂળભૂત સુવિધાઓ રાજ્ય સરકાર દ્વારા ઉપલબ્ધ કરવામાં આવી રહી છે.

### ઈકો ફ્રેન્ડલી માટીની મૂર્તિઓને પ્રોત્સાહન આપવા એક પ્રેરણાદાયી પહેલ

## છેલ્લા પાંચ વર્ષમાં સરકાર દ્વારા ૨૦ જેટલા 'માટી મૂર્તિ મેળાઓ'નું સફળ આયોજનઃ કારીગરોને રૂ.૧.૫૧ કરોડથી વધુની સહાય ચૂકવાઈ

### કારીગરોને મૂર્તિના ઉત્પાદન માટે ૫૦ ટકા સબસિડીથી 'રેડી ટુ યુઝ' માટી, મેળામાં વિનામૂલ્યે વેચાણ માટે સ્ટોલ તથા પ્રતિ દિન રૂ. એક હજાર લેખે મેળા સહાય



પર્યાવરણ સંરક્ષણની સાથે પ્લાસ્ટર ઓફ પેરિસ-POPની મૂર્તિઓથી પર્યાવરણને થતું નુકશાન અટકાવવા તેમજ ઈકો ફ્રેન્ડલી માટીની મૂર્તિઓના કારીગરોને પ્રોત્સાહન મળે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં દર વર્ષે 'માટી મૂર્તિ મેળા'નું સફળ આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં ગણેશોત્સવ દરમિયાન ૨૦ જેટલા મેળાઓમાં કુલ ૧,૭૦૨ કારીગરો દ્વારા રૂ. ૧૫.૫૧ કરોડની માટીની મૂર્તિઓનું વેચાણ કરવામાં આવ્યું છે. આ મેળાઓના સફળ આયોજન માટે રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૧.૫૧ કરોડથી વધુની સહાય પણ ચૂકવવામાં આવી છે.

કુટીર, ખાદી અને ગ્રામોદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતના માર્ગદર્શનમાં રાજ્યના હરિયાળા ભવિષ્ય માટે ચાલુ વર્ષે ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા તા.૨૧ થી ૨૭ ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન અમદાવાદ, વડોદરા અને સુરત શહેરમાં વિવિધ પાંચ સ્થળોએ વેચાણ માટે 'માટી મૂર્તિ મેળા'નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સંસ્થામાં નોંધાયેલા માટી મૂર્તિકારોને વિનામૂલ્યે સ્ટોલ ફાળવણી તેમજ મેળા સહાય આપવામાં આવશે. જે અંતર્ગત ચાલુ વર્ષે અત્યારસુધીમાં રાજ્યના કુલ ૩૯૦ કારીગરોને અંદાજે ૨૩૧ ટન 'રેડી ટુ યુઝ' માટીનું વિતરણ કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારની ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા માટીના મૂર્તિકારોની પ્રોત્સાહન યોજના અન્વયે સંસ્થામાં નોંધણી થયેલા કારીગરોને મૂર્તિના ઉત્પાદન માટે ૫૦ ટકા સહાયથી 'રેડી ટુ યુઝ' માટી આપવામાં આવે છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા 'માટી મૂર્તિ મેળા'માં પ્રોત્સાહનરૂપે વિનામૂલ્યે વેચાણ માટે સ્ટોલ તથા કારીગરોને પ્રતિ દિન રૂ. ૧,૦૦૦ લેખે મેળા સહાય પણ ચૂકવવામાં આવે છે.

નાગરિકોમાં માટીની મૂર્તિના ઉપયોગ અંગેની જનજાગૃતિ માટે આ સંસ્થા દ્વારા વિવિધ અભિયાન પણ હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત હોર્ડિંગ્સ, ટીવી ક્વિકી, રેડિયો ઝિંગલ્સ અને ડિજિટલ મીડિયાના માધ્યમ દ્વારા ઈકો-ફ્રેન્ડલી માટીની મૂર્તિઓના ઉપયોગનો સંદેશ દૂર દૂર સુધી પહોંચાડવામાં આવે છે. આ ઉપરાંત શાળાઓમાં જીવંત નિદર્શન દ્વારા પરંપરાગત કારીગરી અને પર્યાવરણીય જવાબદારી પ્રત્યેની સમજને પ્રોત્સાહન મળે તે માટે યુવા પેઢીને પણ જોડવામાં આવી રહી છે. જેના પરિણામે રાજ્યમાં માટીની મૂર્તિના ઉપયોગ અંગેની જાગૃતિમાં સતત વધારો થયો છે.

સ્ટોલ મેળવવા માટેની વિગતઃ

કારીગરો માટે માટી અને વેચાણના સ્ટોલ મેળવવા સંસ્થા દ્વારા બહોળી પ્રસિદ્ધિ ધરાવતા વર્તમાનપત્રોમાં જાહેરાત આપવામાં આવે છે. આ જાહેરાતમાં દર્શાવેલા નિયત સમયગાળા દરમિયાન લાભાર્થીઓએ ઈ-કુટીર પોર્ટલ https://e-kutir.gujarat.gov.in/ પર અરજી કરી નોંધણી કરવાની રહે છે. વધુ વિગતો માટે કચેરીના ટેલિફોન નં. ૦૭૯-૨૩૨૫૧૬૮૧-૫૭ પર સંપર્ક કરવા ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાનની યાદીમાં જણાવાયું છે.

અત્રે નોંધનીય છે કે, વર્ષ ૨૦૧૪-૧૫ સુધીમાં રાજ્યમાં ગણેશોત્સવ દરમિયાન મહદઅંશે પ્લાસ્ટર ઓફ પેરિસ- POPની મૂર્તિઓનું જ સ્થાપન અને વિસર્જન કરવામાં આવતું હતું. આ POPને તેમાં રહેલા જિપ્સમ, સલ્ફર, ફોસ્ફરસ અને મેગ્નેશ્યમ જેવા તત્વોના કારણે પાણીમાં ઓગળવા માટે ખૂબ સમય લાગે છે, તેમજ નદી, તળાવ અને દરિયાના પાણીને ઝેરી બનાવે છે. આ ઉપરાંત મૂર્તિના સુશોભન માટે ઉપયોગમાં લેવાતા રાસાયણિક રંગોમાં મરક્યુરી, લીડ, કેડમિયમ અને કાર્બનની ઉપસ્થિતિના કારણે પણ પાણીના કુદરતી સ્રોતને ખૂબ નુકશાન પહોંચે છે. જે અન્વયે રાજ્ય સરકાર દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને વર્ષ ૨૦૧૫-૧૬થી માટીના મૂર્તિકારો માટેની પ્રોત્સાહન યોજનાનું સફળતાપૂર્વક અમલીકરણ કરવામાં આવી રહ્યું છે.

- જીગર બારોટ

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

ગરવી ગુજરાત


એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોનાના વાયદાના ભાવમાં રૂ.૫૩૭ અને ચાંદીના વાયદામાં રૂ.૨૭૬ની નરમાઈ: ક્રૂડ તેલમાં રૂ.૭૭નો સુધારો

## ઈલેક્ટ્રિસિટી, નેચરલ ગેસ, મેન્થા તેલના વાયદા એકંદરે ઘટ્યા: કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૧૨૭૫.૩૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૫૪૩૬૦.૬ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૮૯૮૬.૮૩ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૩૪૦૪ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૬૫૬૩૭.૬૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૧૨૭૫.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૫૪૩૬૦.૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૪૦૪ પોઈન્ટના સ્તરે હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૮૬૧.૬૨ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૮૯૮૬.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૧૩૨૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૧૩૨૯ અને નીચામાં રૂ.૧૦૦૬૬૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૧૩૩૮ના આગલા બંધ સામે રૂ.૫૩૭ ઘટી રૂ.૧૦૦૮૦૧ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની ઓગસ્ટ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૯૫ ઘટી રૂ.૮૦૪૯૭ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ ઓગસ્ટ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૩૭ ઘટી રૂ.૧૦૦૮૦ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭૮ ઘટી રૂ.૧૦૦૨૮૭ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ટેન ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૦૮૫૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૦૮૫૨ અને નીચામાં રૂ.૧૦૦૨૭૫ના મથાળે અથડાઈ, રૂ.૧૦૦૮૯૦ના આગલા બંધ સામે રૂ.૪૬૦ ઘટી રૂ.૧૦૦૪૩૦ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૧૩૪૩૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૩૫૩૦ અને નીચામાં રૂ.૧૧૨૮૨૮ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૩૫૦૪ના આગલા બંધ સામે રૂ.૨૭૬ ઘટી રૂ.૧૧૩૨૨૮ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૨૧૫ ઘટી રૂ.૧૧૨૯૯૫ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૨૪૨ ઘટી રૂ.૧૧૨૯૬૦ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૧૫૩૯.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૪૫૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૪૬૩ અને નીચામાં રૂ.૪૪૪૩ના સ્તરને સ્પર્શી, રૂ.૬ ઘટી રૂ.૪૪૫૯ થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો બેરલદીઠ રૂ.૫૭૬૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૮૨૮ અને નીચામાં રૂ.૫૭૪૮ના મથાળે અથડાઈ, રૂ.૫૭૪૮ના આગલા બંધ સામે રૂ.૭૭ વધી રૂ.૫૮૨૫ થયો હતો. ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૭૭ વધી રૂ.૫૮૨૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૫.૯ ઘટી રૂ.૨૬૦.૧ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૫.૬ ઘટી રૂ.૨૬૦.૫ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૯૪૮ના ભાવે ખૂલી, રૂ.૬.૧ ઘટી રૂ.૯૪૫.૯ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૬૪૩૧.૫૭ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨૫૫૫.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૩૩૭.૪૯ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૭૨.૮૧ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૨.૮૧ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૧૬૭.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૭.૩૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૪૨૪.૬૪ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૧૦૭.૬૬ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૩.૪૮ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૫૬૫૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૩૩૭૩ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૦૪૫૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૫૪૦૯૮ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૫૦૮૧ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૦૭૫૧ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૨૬૪૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૬૫૯૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૭૫૨ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૧૧૬૮ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૫૪૭૧ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૪૭૪ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૩૪૭૪ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૩૩૫૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૯૮ પોઈન્ટ ઘટી ૨૩૪૦૪ પોઈન્ટના સ્તરે હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૫.૨ વધી રૂ.૧૫૭.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૪ ઘટી રૂ.૧૪.૧૫ થયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૧૦૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૩ ઘટી રૂ.૯૭૬ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૪.૫ ઘટી રૂ.૬૦૦.૫ થયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૩૬ વધી રૂ.૧૨.૪૮ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૬૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬૩ પૈસા ઘટી રૂ.૩.૬૮ના ભાવે બોલાયો હતો. મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૪.૨ વધી રૂ.૧૫૮.૧૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૦૫ ઘટી રૂ.૧૪.૪ થયો હતો. સોનું-મિની ઓગસ્ટ રૂ.૧૦૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૨ ઘટી રૂ.૧૦૪૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૧૧૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૨૯.૫ ઘટી રૂ.૧૯૪૯.૫ થયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૩.૫ ઘટી રૂ.૧૩૦.૯ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૬૫ વધી રૂ.૧૪.૧ના ભાવે બોલાયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧૩ વધી રૂ.૧૦૮૭.૫ થયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૩૬ વધી રૂ.૨૩૩૯ થયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૬૫ ઘટી રૂ.૮.૬ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૩૬ પૈસા ઘટી રૂ.૧.૧ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ રૂ.૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ ૪૦ પૈસા ઘટી રૂ.૬.૭૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૭ વધી રૂ.૧૪.૧૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓગસ્ટ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૩૩ વધી રૂ.૧૨૨૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૬ વધી રૂ.૮૦૨ના ભાવે બોલાયો હતો.

### ભારતીય ગૌરવના પુનઃ સ્થાપક પ્રધાનમંત્રીશ્રી અને સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં સોમનાથ તીર્થનું સાંસ્કૃતિક પુનઃપ્રતિષ્ઠાન

# શ્રાવણ ૨૦૨૫: સોમનાથમાં કલા અને ભક્તિનો મહાસંગમ "વંદે સોમનાથ" કલા મહોત્સવ: નટરાજ સોમનાથના ચરણોમાં કલા અર્પણ

દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી અને શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી નરેન્દ્રભાઈ મોદીના સતત માર્ગદર્શનમાં સોમનાથમાં પ્રતિવર્ષ કરોડો યાત્રીઓને ઉત્તમ રેલ, બસ નેટવર્ક, ન્યૂનતમ દરે ઉત્તમ આવાસ, અને નિશુલ્ક ભોજન પ્રસાદ સાથે આદરપૂર્ણ દર્શન અને પ્રેમપૂર્ણ આતિથ્યનો વિશ્વસ્તરીય અનુભવ મળી રહ્યો છે. વિશેષ રૂપે શ્રાવણ ૨૦૨૫માં જ્યારે લાખો ભક્તો સોમનાથમાં દર્શન, જપ, તપ અને પાઠ કરી મહાદેવને પ્રસન્ન કરવા ભક્તિ કરી રહ્યા છે ત્યારે આ સ્થળે દેશભરમાંથી આવનાર કલાકારો પોતાની નૃત્ય આરાધના પ્રસ્તુત કરી રહ્યા છે. આ સુભગ સમન્વયથી સોમનાથમાં સાંસ્કૃતિક અને કલાત્મક ચેતનાની પુનઃસ્થાપના થઈ રહી છે.

પ્રધાનમંત્રીશ્રીની દીર્ઘ દ્રષ્ટિથી સોમનાથની સાંસ્કૃતિક પુનઃ સ્થાપના:

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના ચરણોમાં સદીઓ પહેલાં હજારો નર્તક-નર્તકીઓ દ્વારા પોતાનું નૃત્ય પ્રસ્તુત કરીને કલા અને કલ્યાણના દેવતા નટરાજ સોમનાથ મહાદેવની કલા આરાધના કરવામાં આવતી હતી તે અનેક ગ્રંથો અને લેખોમાં પ્રાપ્ત થાય છે. આ પ્રાચીન કલા આરાધનાની દૈવીય પરંપરા અને ભારતીય નૃત્ય શૈલીઓમાં રહેલ શિવ તત્વને પુનઃઉજાગર કરવાના દિવ્ય સંકલ્પને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી "વંદે સોમનાથ કલા મહોત્સવ"ના અભૂતપૂર્વ આયોજનના સ્વરૂપમાં મૂર્ત સ્વરૂપ મળ્યું છે.

શ્રેણીબદ્ધ આયોજનો:

શ્રાવણ માસ દરમિયાન દરેક સોમવારે શ્રી સોમનાથ ટ્રસ્ટ નિર્મિત ત્રણ વિશેષ મંચ પર ગાયન, વાદન અને રોશની સાથે વિવિધ ભારતીય નૃત્ય શૈલીના નિપૂણ કલાકારો દ્વારા શ્રેણીબદ્ધ કાર્યક્રમોમાં ભક્તિ અને કલાનું અભૂતપૂર્વ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્ર (IGNCA) અને ગુજરાત પ્રવાસન વિભાગના સહયોગ સાથે આયોજિત આ મહોત્સવનું ધ્યેય શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન મુજબ ભારતના તીર્થો અને મંદિરોના આધ્યાત્મિક ઉપરાંત સાંસ્કૃતિક ગૌરવને પુનઃ સ્થાપિત કરવાનો છે.

પ્રથમ ચરણ:

"વંદે સોમનાથ કલા મહોત્સવ"ના પ્રથમ ચરણમાં, શ્રી પવિત્રા ભટ્ટ અને તેમની ટીમે ભરતનાટ્યમની મંત્રમુગ્ધ કરનારી પ્રસ્તુતિ આપી હતી. આ સિવાય શ્રી કદમ પરીખ અને વૃંદે કથક નૃત્ય દ્વારા દર્શકોને રોમાંચિત કરી મુક્યા હતા, જ્યારે નમ્રતા મેહતા અને સિદ્ધિ વાયકર દ્વારા પારંપરિક ઓડિસી નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

દ્વિતીય ચરણ:

"વંદે સોમનાથ કલા મહોત્સવ"ના બીજા ચરણમાં, શ્રી સોમનાથ મંદિર ચોપાટી ગ્રાઉન્ડ તેમજ સમુદ્ર દર્શન વોકવે એમ બે દિવ્ય સ્થાનો ખાતે પુનાથી આવેલ નાદરૂપ વૃંદ દ્વારા કથક નૃત્ય, શ્રીમતિ રેમાં શ્રીકાંત (ECPA)ફાઉન્ડેશન વડોદરા અને તેમના શિષ્યો દ્વારા ભરત નાટ્યમ અને સોનલ શાહ અને તેમના શિષ્યો દ્વારા હુડો, રાહડો, સહિત પારંપરિક ગુજરાતી નૃત્યો, ગાર્ગી બ્યાબર્તી અને દેવાંશી દેવગૌરી તેમજ શ્રીમતી દેવિકા દેવેન્દ્ર એસ મંગલા મુખીએ કથક નૃત્ય પ્રસ્તુત કરતા દર્શકો મંત્રમુગ્ધ થયા હતા.

તૃતીય ચરણ:

"વંદે સોમનાથ કલા મહોત્સવ"ના ત્રીજા ચરણમાં સોમનાથના ત્રણ અદ્ભુત દ્રશ્ય સ્થાનો પર એકસાથે યોજવામાં આવ્યા હતા. જ્યાં સોમનાથ મંદિર સમીપ સાગરદર્શન અપ્રોચ એરિયા, સમુદ્ર દર્શન પથ પ્રોમેનેડ વોક વે અને સોમનાથ મંદિરના ચોપાટી ગ્રાઉન્ડ ખાતે અંજલિ મેમોરીયલ કમિટી દ્વારા ભરતનાટ્યમ, મુંબઈના આનંદલહારી સ્કૂલ ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ દ્વારા શિવ આરાધના, કોલકાતાના ધ્રુબા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડાન્સ ફાઉન્ડેશન દ્વારા પારંપરિક શૈલીમાં ભરતનાટ્યમ અને પૂણેથી આવેલ ઈશાવસ્ય ગુરુકુલમ દ્વારા કથક નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.

ચોથું ચરણ:

કાર્યક્રમના ચોથા ચરણમાં તા. ૦૪ ઓગસ્ટના રોજ ઉદયપુર રાજસ્થાનથી શ્રી કૃષ્ણેન્દુ સહા અને નૃત્યોર્મી સ્કૂલ દ્વારા ઓડિસી નૃત્ય, પુણે મહારાષ્ટ્રના કલાવર્ધિની ડાન્સ કંપની દ્વારા ભરતનાટ્યમ, અમદાવાદના શ્રીમતી સ્મિતા શાસ્ત્રી નૃત્ય વૃંદ દ્વારા કુચીપુડી અને દિલ્લીથી શ્રીમતી લીના માલાકાર વિજ અને ટીમ દ્વારા કથક નૃત્યો પ્રસ્તુત કરી શિવ આરાધના કરવામાં આવી હતી.

આગામી સમયમાં યોજાનાર પાંચમું અને છઠ્ઠો ચરણ :

પાંચમું ચરણ તા. ૧૧ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ યોજાશે, જેમાં દિલ્હીથી શ્રીમતી સુબ્રતા પંડા અને રસા સ્કૂલ ઓફ ઓડિસી ડાન્સ દ્વારા ઓડિસી નૃત્ય, વડોદરાની તત્વ અકાદમીની શ્રીમતી દ્યુતિ પંડ્યા દ્વારા કથક નૃત્ય અને અમદાવાદના અપલ શાહના એસ.પી.એ. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડાન્સ દ્વારા પરંપરાગત ટિપ્પણી નૃત્યો રજૂ કરીને શ્રી સોમનાથ મહાદેવની ભક્તિમાં નૃત્યાર્પણ કરવામાં આવશે.

જ્યારે છઠ્ઠું ચરણ શ્રાવણના અંતિમ સોમવારે તા. ૧૮ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ ભવ્ય રીતે આયોજિત કરવામાં આવશે. જેમાં દિલ્હીથી શ્રીમતી લિપ્સા સતપથિ અને તેમની ટીમ દ્વારા નૃત્ય પ્રસ્તુતિ, દિલ્હીથી કલામંડલમ વિશ્રુપ્રિયા અને તેમની ટીમ દ્વારા દુર્લભ રીતે જોવા મળતું મોહિનિયાટ્ટમ, વડોદરાની કલ્પ સર્જનિ દ્વારા કથક, અમદાવાદની નૃત્યમ અકાદમી દ્વારા ભરતનાટ્યમ અને કદમ નૃત્ય કેન્દ્ર દ્વારા કથક નૃત્યના અત્યંત કલાત્મક કાર્યક્રમો ભક્તિભાવપૂર્વક દાદાના ચરણોમાં અર્પણ કરવામાં આવશે.

સમાપન:

"વંદે સોમનાથ" માત્ર એક કલા મહોત્સવ નથી; તે સોમનાથની ભૂમિ પર સાંસ્કૃતિક દિવ્યતા અને કલાત્મક વારસાની પુનઃપ્રતિષ્ઠા છે. ભારતીય સંસ્કૃતિ અને ગૌરવના પુનઃ સ્થાપક પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદષ્ટિથી સોમનાથ તીર્થ ફક્ત ધાર્મિક જ નહીં,પરંતુ સંસ્કૃતિ ગૌરવમય વારસાનું કેન્દ્ર બની રહ્યું છે — જ્યાં ભક્તિ, ભવ્ય વારસો અને ભારતીયતા એકસાથે અવતરિત થાય છે.

શ્રી સોમનાથ ટ્રસ્ટ અને IGNCA આયોજિત આ કાર્યક્રમોમાં એવી લાગણી અનુભવી શકાય છે કે જાણે મહારાણી ચૌલાદેવીના સમયમાં જેમ સોમનાથમાં હજારો નૃત્યાંગનાઓ દ્વારા મહાદેવની આરાધના થતી, તે સોમનાથનો કલાત્મક સ્વર્ણિમ સતયુગ આજે ફરી સ્થાપિત થઈ ચૂક્યો છે.

- જનક દેસાઈ

# રાજકોટ મનપામાં આમ આદમી પાર્ટીના ૨૦૦ થી વધુ લોકોએ ધસી આવી ધમાલ મચાવી: કોર્પોરેટરો ગુમ થયાના બેનરો ફરકાવ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




રાજકોટ મહાનગરપાલિકાની મુખ્ય સેન્ટ્રલ ઝોન કચેરીમાં આજે બુધવારે સવારે ખુલતી કચેરીએ આમ આદમી પાર્ટીના શહેર પ્રમુખ દિનેશ જોશીની આગેવાનીમાં ઈસ્ટ ઝોન હેઠળના વોર્ડ નં. ૬ અને તેમાં પણ ખાસ કરીને માધવ વાટીકા સોસાયટીના ૨૦૦ થી વધુ સોસાયટીઓનો ટોળુ કચેરીમાં ધસી આવ્યુ હતું અને વોર્ડ નં. ૬ ના ભાજપના ચારેય કોર્પોરેટરો ખોવાઈ ગયેલ છે, તેઓને શોધી કાઢશો તે સહિતના લખાણો સાથે બેનર ફરકાવ્યા બાદ ઉગ્ર સુત્રોચ્ચાર કર્યા હતા અને ડેપ્યુટી કમિશ્નરને પ્રશ્નો ઉકેલવા આવેદનપત્ર પાઠવ્યુ હતું.

મ્યુનિસીપલ કમિશ્નર ને સંબોધીને લખેલા અને ડેપ્યુટી કમિશ્નર હર્ષદ પટેલને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યુ હતુ કે રાજકોટ મહાનગરપાલિકાના વિસ્તારના વોર્ડ નં. ૬ માં આવેલી માધવ વાટીકા સોસાયટીના લોકોના વિવિધ પ્રશ્નોની રજુઆતો કર્યા છતાં આજ દિવસ સુધી સમસ્યાનો ઉકેલ આવ્યો નથી, હવે આ સમસ્યાઓનુ નિરાકરણ કરશો તેવી માંગ કરી હતી. આવેદનપત્રમાં ઉમેર્યુ છે કે વોર્ડ નં. ૬ ના લોકો વરસોથી વેરો ભરે છે પરંતુ સુવિધાના નામે શુન્ય છે, ઠેર ઠેર ગંદકીનુ સામ્રાજય, બિસ્માર હાલતમાં રોડ રસ્તા, બાળકો માટે આંગણવાડીની સુવિધા ઉપલબ્ધ નથી, વરસોથી કોર્પોરેશનના વિસ્તારમાં આવેલો હોય તો જો તમે સુવિધા આપી શકતા ન હોય તો કોર્પોરેશનને વેરો લેવાનો કોઈ અધિકાર નથી, લોકો માંડ માંડ કરી ઘરનુ પુરૂ કરતા હોય અને સમયસર ભરી ન શકો તો તમે ૧૮ ટકા જેટલુ તોતીંગ વ્યાજનુ ઉઘરાણુ કરો છો, સુવિધા આપી શકતા નથી. તદઉપરાંત ૧૮ ટકા વ્યાજ વસુલો છો તો આ કયાંનો ન્યાય છે, માનવી ત્યાં સુવિધા એ અમારો હક્ક છે, વેરા ભરીએ છીએ તો સુવિધાઓ પણ મળવી જોઈએ, નાના બાળકોને આંગણવાડીના અભાવે દુર દુર સુધી મુકવા જવા પડે છે. આ વિસ્તારમાં ૩ વરસ અગાઉ રોડ નુ ખાત મુહુર્ત કરવામાં આવ્યુ હતું પરંતુ ખાત મુહુર્ત બાદ રોડ બનાવવામાં આવેલ નથી. જેના કારણે લોકોને ઘણી હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે તેમજ સ્ટ્રીટ લાઈટનો વ્યાપક અભાવ છે.

જો વોર્ડ નં. ૬ ના વિસ્તારના લોકોની સમસ્યાઓનુ વહેલી તકે નિરાકરણ કરવામાં નહી આવે તેમજ કામગીરી કરવામાં વિલંબ થશે તો ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેવુ આવેદનપત્રમાં જણાવ્યુ છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે NTPCના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ગુરદીપસિંઘ

### ગુજરાત અને NTPC વચ્ચે પરસ્પર હિતના પ્રોજેક્ટસમાં સહયોગની તકો વધારવા અંગે વિચાર વિમર્શ કર્યો



મુખ્યમંત્રીશ્રીની સૌજન્ય મુલાકાત નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન – NTPCના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી ગુરદીપસિંઘે ગાંધીનગરમાં લીધી હતી.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમા ગુજરાત રિન્યુએબલ એનર્જી તથા ગ્રીન એનર્જીના ક્ષેત્રમાં દેશમાં અગ્રેસર રાજ્ય છે તે સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રી સાથેની આ સૌજન્ય મુલાકાત બેઠકમાં NTPCના ચેરમેનશ્રીએ રિન્યુએબલ એનર્જી, ગ્રીન હાઈડ્રોજન, ન્યુકિલિયર અને પમ્પ્ડ સ્ટોરેજ સહિતના ક્ષેત્રે NTPC અને ગુજરાત વચ્ચે પરસ્પર હિતના પ્રોજેક્ટ્સમાં રહેલી સહયોગની તકો વિસ્તારવા અંગે ચર્ચા પરામર્શ કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રી સાથેની આ મુલાકાતમાં NTPCની સબસિડિયરી NTPC ગ્રીન એનર્જી લીમિટેડના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી સરિત મહેશ્વર અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ જોડાયા હતા.

# સરકાર દ્વારા સૌની યોજના અને વધારાની વિજળી મુદ્દે લેવાયો નિર્ણય: સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમાં ખેતી માટે મળતો વીજ પુરવઠો ૮ કલાકથી વધારી ૧૦ કલાક કરાયો

### સરકારે ઓછા વરસાદને કારણે સૌરાષ્ટ્રના ખેડુતો અને નાગરીકો માટે નર્મદાનુ વધારાનુ પાણી સૌની યોજના મારફતે આપવાનો નિર્ણય લીધો

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત સરકારે વરસાદ ખેંચાવવાની પરીસ્થિતિને ધ્યાનમાં રાખીને સૌરાષ્ટ્રના ખેડુતો અને નાગરીકો માટે બે મહત્વના નિર્ણયો લીધા છે. પ્રવકતા મંત્રી ઋષીકેશ પટેલે કેબિનેટ બેઠક બાદ જાહેરાત કરી હતી કે સૌરાષ્ટ્રને નર્મદાનુ વધારાનુ પાણી સૌની યોજના મારફતે આપવામાં આવશે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમાં ખેતી માટે મળતી વિજળીનો સમયગાળો ૮ કલાક થી વધારીને ૧૦ કલાક કરવામાં આવ્યો છે. જેનાથી પાકને પુરતુ પાણી મળી રહેશે અને ખેડુતોને મોટી રાહત મળશે. રાજયમાં ઓછા વરસાદને કારણે સર્જાયેલી પરીસ્થિતિ બાદ સરકારે સૌરાષ્ટ્રના ખેડુતો અને નાગરીકોની રજુઆતોને ધ્યાનમાં લીધી છે. તેના ભાગરૂપે સૌની યોજના દ્વારા નર્મદાનુ વધારાનુ પાણી પહોચાડવાનો નિર્ણય લેવાયો છે. આ સાથે સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓ જેમાં જામનગર, દેવભુમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી, અમરેલી, ભાવનગર, બોટાદ, જુનાગઢ અને ગીર સોમનાથનો સમાવેશ થાય છે. ત્યાં ખેતી માટે મળતો વીજ પુરવઠો હવે ૮ કલાક ને બદલે ૧૦ કલાક સુધી ચાલુ રહેશે. જો જરૂર પડશે તો ઉત્તર ગુજરાતમાં પણ સુજલામ સુફલામ યોજના મારફતે પાણી પુરૂ પાડવામાં આવશે. મંત્રી ઋષીકેશ પટેલે વધુમાં જણાવ્યુ હતુ કે ખેડુતોની રજુઆતોને ધ્યાનમાં રાખીને સરકારે સૌરાષ્ટ્રના ખેડુતો અને નાગરીકોને નર્મદાનુ વધારાનુ પાણી સૌની યોજના મારફતે આપવાનો નિર્ણય લીધો છે. આનાથી સિંચાઈ અને પીવાના પાણીની અછત દુર થશે અને લોકોને હાલાકીમાંથી મુકિત મળશે.

મંત્રીએ વધુમાં જણાવ્યુ હતુ કે જો ઉત્તર ગુજરાતમાં પણ વરસાદ ખેંચાવાની રજુઆતો આવશે તો ત્યાંની પરીસ્થિતિ અને પાણીના જથ્થાને ધ્યાનમાં રાખીને સુજલામ સુફલામ યોજના દ્વારા પાણી પુરૂ પાડવામાં આવશે. આ નિર્ણય દર્શાવે છે સરકાર સમગ્ર રાજયના ખેડુતોના હીતોનુ ધ્યાન રાખી રહી છે.

# અમદાવાદના નિકોલમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર ટ્રોલી લિફ્ટ તૂટી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના નિકોલ વિસ્તારોમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર ટ્રોલી લિફ્ટ તૂટી દુર્ઘટના સર્જાઈ હતી.

નિર્માણાધીન બિલ્ડિંગમાં સર્જાયેલી દુર્ઘટનામાં ૨ શ્રમિકો ફસાયા હતા. સમગ્ર ઘટના મામલે ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી, આ પછી ફસાયેલા શ્રમિકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું.

મળતી માહિતી મુજબ, અમદાવાદના નિકોલ વિસ્તારમાં કિંગ્સ્ટન રેસિડન્સી નામની ઈમારતના નિર્માણ દરમિયાન એક ટ્રોલી લિફ્ટ તૂટી પડી હતી. આ દુર્ઘટનામાં લટકતી ટ્રોલ પર બે શ્રમિકો ફસાયા હતા. સમગ્ર ઘટનાનો વીડિયો સામે આવ્યો છે. તકનિકી ખામી સર્જાતા ટ્રોલી લિફ્ટ તૂટી હોવાની શકયતા છે, ત્યારે ઘટનાને પગલે સાઈટ મેનેજમેન્ટ અને ફાયર વિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી. આ પછી બંને શ્રમિકોનું રેસ્ક્યૂ કરીને નીચે ઉતારવામાં આવ્યા હતા. આ ઘટનામાં કોઈ પ્રકારે જાનહાનિ ન થઈ હોવાનું સામે આવ્યું છે.

# ગુજરાતમાં કાયદો વ્યવસ્થા કથળી: દુષ્કર્મના વધતા જતા બનાવો: રાજકોટમાં પડોશમાં રહેતા નરાધમે છરીની અણીએ યુવતિ પર દુષ્કર્મ આચર્યુ

**અંગત પળોનો વિડીયો વાયરલ નહી કરવા યુવતિના પિતા પાસે રૂ.૧.૨૦ લાખ માંગ્યા: માંગણી નહી સ્વીકારાતા વોટસએપ ગૃપમાં ફોટો-વિડીયો વાયરલ કરી નાંખ્યો**

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ શહેરમાં વધુ એક દુષ્કર્મનો બનાવો બનવા પામ્યો છે. ગુજરાતમાં દિન પ્રતિદિન કાયદો વ્યવસ્થા કથળી રહી છે. દાદાની સરકારમાં શું થવા બેઠુ છે એકપણ દિવસ એવો નહી હોય કે લુંટ, હત્યા, દુષ્કર્મ અને બળાત્કારના બનાવો ન બન્યા હોય, રાજયની પ્રજા પણ હવે ત્રાહીમામ પોકારી ઉઠી છે. રાજકોટ શહેરના લક્ષ્મીના ઢોળા નજીક મામાના ઘરે રહીને મજુરી કરતી યુવતિના નાનાને જાનથી મારી નાખવાની ધમકી આપી પાડોશમાં રહેતા શખ્સે છરીની અણીએ પ્રથમવાર દેહ ચુંથ્યો હતો. બાદમાં અંગત પળોનો ફોટો-વિડીયો ઉતારી વાયરલ કરી દેવાની ધમકી આપી અનેકવાર દુષ્કર્મ ગુજાર્યો હતો. નરાધમે બાદમાં યુવતિના પિતા પાસે રૂપીયા ૧.૨૦ લાખની માંગણી કરી હતી. જે માંગણી નહી સ્વીકારાતા નરાધમે યુવતિના અંગત પળોના ફોટો-વિડીયો વોટસએપ ગૃપમાં વાયરલ કરી દીધા હતા. મામલામાં યુનિર્વસિટી પોલીસે ગુન્હો નોંધી નરાધમ સુરેશ સોલંકીની ધરપકડ કરી છે. સુરેન્દ્રનગરના સાયલા તાલુકાની ૧૯ વર્ષીય યુવતિએ યુનિર્વસિટી પોલીસ મથકમાં નોંધાવેલી ફરીયાદમાં આરોપી તરીકે રાજકોટના લક્ષ્મીના ઢોળા પાસે રહેતા સુરેશ વિનુભાઈ સોલંકીનુ નામ આપતા જણાવ્યુ હતુ કે તેણી ચારેક માસ અગાઉ રાજકોટ ખાતે લક્ષ્મીના ઢોળા પાસે તેના સગા મામાના ઘરે મજુરી કરવા અર્થે આવેલ હતી. તેણી મામાના ઘરની બહાર રોજ રાત્રે કચરો નાખવા જતી ત્યારે મુળ લીંબડીના ભલગામડાનો સુરેશ વિનુભાઈ સોલંકી જે હાલ મામાના ઘર નજીક રહેતો હોય તે મારી રાહ જોતો અને રોજ ઈશારા કરતો હતો, બાદમાં એકવાર યુવતિ રાત્રીના ઘર બહાર કચરો નાખવા ગયેલ ત્યારે ઉભી રાખી એક સીમકાર્ડ વાળો ફોન આપેલ હતો અને તુ ફોન, રાખ તેમ કીધેલ હતુ, યુવતિએ ફોન લેવાની ના પાડતા, જો તુ ફોન નહી રાખે તો તારા નાનાને મારી નાખીશ અને હું ઘણુ બધુ બીજુ કરી શકુ તેમ છુ, તેવુ કહી સુરેશ સોલંકીએ ધમકી આપેલ હતી. જેથી યુવતિએ ભયમાં આવી ફોન લઈ લીધેલ હતો, બાદમાં સુરેશ સોલંકી તે મોબાઈલ પર અવાર નવાર ફોન કરતો હતો, બે-ત્રણ દિવસ બાદ રાત્રે બે વાગ્યાના અરસામાં યુવતિના મામા, મામી, તથા તેના સંતાનો બધા રૂમમાં સુતા હતા, નાના વાડીએ ગયેલ હતા અને નાની બીજા ઘરે સુવા ગયેલા હતા, જયારે યુવતિ ઘરની ખુલ્લી ઓસરીમાં ખાટલા પર સુતી હતી, ત્યારે સુરેશ સોલંકી આવેલ અને કહેલ કે અવાજ કરતી નહી, મારી પાસે છરી છે, તેનાથી તને પતાવી દઈશ, તેવી ધમકી આપી યુવતિ સાથે બળજબરીપૂર્વક શરીર સંબંધ બાંધેલ હતો. બાદમાં યુવતિને બાથરૂમમાં લઈ જઈ બળજબરીપૂર્વક અશ્લીલ ફોટા મોબાઈલ માં પાડી લીધેલ હતા. બાદમાં હવે તારે મારી સાથે હું કહુ ત્યારે શરીર સંબંધ બાંધવાનો રહેશે. નહીતર તારા ફોટા હું સોશીયલ મીડીયામાં અને તારા મંગેતરને મોકલી તારી જીંદગી બગાડી નાખીશ તેવુ કહી સુરેશે ધમકી આપેલ હતી. બાદમાં યુવતિ કટારીયા ચોકડી નજીક આવેલ બાંધકામ સાઈટ માસી સાથે મજુરી અર્થે જતી હતી ત્યારે સુરેશ સોલંકી બપોરના સમયે ત્યાં આવી બિલ્ડીંગના છઠ્ઠા માળે લઈ જઈ શરીર સંબંધ બાંધેલ હતો, થોડા દિવસ બાદ યુવતિના મામાના ઘરે કોઈ ન હોય ત્યારે બપોરના સમયે આવી બાથરૂમમાં શરીર સંબંધ બાંધેલ હતો અને વિડીયો ઉતારી લીધેલ હતો. બાદમાં થોડા દિવસ બાદ યુવતિને સુરેશે તેના ઘરે બોલાવી શરીર સંબંધ બાંધેલ હતો. બાદમાં થોડા દિવસ બાદ ફરી યુવતિને સુરેશે તેના ઘરની બાજુમાં અવાવરૂ જગ્યાએ બોલાવી શરીર સંબંધ બાંધેલ હતો. આમ અવાર નવાર સુરેશ સોલંકીએ યુવતિનો દેહ અભડાવ્યો હતો બાદમાં યુવતિ જયાં કામ કરતી ત્યાં સુરેશ વિનુભાઈ સોલંકી ગઈ તા. ૨૭/૭/૨૦૨૫ ના રોજ બપોરે ધસી આવેલ કહેલ કે મારે તારી સાથે શરીર સંબંધ બાંધવો છે, યુવતિએ ના પાડતા તેણે ધમકી આપેલ કે, જો તુ મારી સાથે શરીર સંબંધ નહી બાંધે તો તારા તમામ પરીવારના લોકોને ફોટા અને વિડીયો બતાવીશ અને બધાને સોશીયલ મીડીયામાં મોકલી આપીશ. બાદમાં નરાધમ નાસી ગયો હતો.

અંતે કંટાળીને યુવતિએ સમગ્ર મામલાની જાણ તેના મામાને કરી હતી બાદમાં મામાએ ઘટના અંગે યુવતિના પિતા સાથે વાત કરતા તેના નાના પીડીતાને ગઈ તા. ૩૧/૭/૨૦૨૫ ના રોજ સુદામડા ગામે મુકી આવ્યા હતા. બાદમાં યુવતિ અને તેના પિતાને નાનાએ ફોન કરી વાત કહેલ કે સુરેશનો ગઈ તા. ૩/૮/૨૦૨૫ ના રોજ મને ફોન આવેલ હતો તેણે કહેલ કે તમારે મને રૂપીયા ૧.૨૦ લાખ આપવા પડશે નહીતર હું તને રસ્તામાં મારી નાખીશ અને તારી ભાણીના વિડીયો વાયરલ કરી નાખીશ, બાદમાં યુવતિના કૌટુંબિક ભાઈએ તેના પિતાને ફોન કરી જાણ કરી હતી કે એક અજાણ્યા વોટસએપ નંબર ધારકે મને એક ગૃપમાં એડ કર્યો હતો જે ગૃપમાં તમારી પુત્રીનો એક અશ્લલીલ વિડીયો વાયરલ કરવામાં આવ્યો છે. બાદમાં યુવતિના અન્ય કૌટુબિક ભાઈએ પણ આ બાબત તેના પિતાને કરતા કહ્યુ કે તમારી પુત્રીના અશ્લલીલ ફોટો-વિડીયો મને વોટસએપમાં મળેલ છે, જેથી યુવતિના પિતાએ ફોટો-વિડીયો વાયરલ કરનાર શખ્સ સાથે વાત કરવાનુ કહેતા યુવતિના કૌટુબિક ભાઈએ સુરેશ સાથે ટેલીફોનીક વાત કરી હતી. ત્યારે સુરેશે તારે આ બાબતમાં વચ્ચે આવવુ નહી, તેવુ કહી ધમકી આપેલ હતી, બાદમાં સુરેશે યુવતિના કૌટુંબિક ભાઈને વોટસએપ ગૃપમાં એડ કરી યુવતિના અંગતપળોના ફોટો -વિડીયો તે ગૃપમાં વાયરલ કર્યા હતા. અંતે યુવતિએ સમગ્ર મામલે યુનિર્વસિટી પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે દુષ્કર્મ, આઈટીએકટ ની કલમો હેઠળ ગૂન્હો નોંધી નરાધમ સુરેશ વિનુભાઈ સોલંકીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાતમાંથી ૧૭ લાખ જેટલી નકલી દવાઓ જપ્ત કરાઈ: કાયદાકીય નિયમો હવે વધુ કડક બનાવાશે



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં વેચાઈ રહેલી નકલી દવાઓનો વેચાણ અટકાવવા તાજેતરમાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા દરોડા પાડીને કાર્યવાહી કરવામાં આવી હતી. નકલી દવાઓ વેચનારા વેપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

રાજય સરકારના પ્રવકતા ઋષીકેશ પટેલે જણાવ્યુ હતુ કે નકલી દવાઓના વેચાણ પર સરકાર સખત કાર્યવાહી કરી રહી છે. અત્યાર સુધીમાં રાજયમાંથી ૧૭ લાખ નકલી દવાઓ જપ્ત કરવામાં આવી છે. આવી દવાઓના વેચાણ સામે કાયદાકીય નિયમોને વધુ કડક બનાવાશે. નકલી દવાઓ ગુજરાતમાં ન આવે તેવી વ્યવસ્થા કરવામાં આવશે. મંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે દવાઓ વેચનારા વેપારીઓ પાસેથી નકલી દવાઓનુ વેચાણ પકડાશે તો તેમનુ લાયસન્સ રદ કરવા સહિતના નિયમો બનાવાશે. હોલસેલર વિરૂધ્ધ કડક કાયદા કરવા, લાયસન્સ રદ કરવા અને નવુ લાયસન્સ ન મેળવી શકે તેવા નિયમો બનાવાશે. ડુપ્લીકેટ દવાઓ બહારથી પણ ગુજરાતમાં ન આવી શકે તેવી વ્યવસ્થાઓ કરવામાં આવશે. આવી દવાઓના વેચાણ સામે મોનીટરીંગ કરવા સુચનાઓ આપી દેવામાં આવી છે.

# શિક્ષણમાં ફીકસ પગારના કર્મચારીઓ માટે સરકારે મેડીકલ રજા અને ખાસ રજા જાહેર કરી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયની ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક ફીકસ પગારના કર્મચારીઓના હીતમાં રાજય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રવકતા મંત્રી ઋષીકેશ પટેલે આ અંગેની વિગતો આપતા જણાવ્યુ હતુ કે રાજયની ૩૫૭ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક ફીકસ પગારના કર્મચારીઓને માટે ૨૦ માંદગી રજા અને ૧૫ ખાસ રજા આપવામાં આવશે. આ નિર્ણયનો કુલ ૧,૨૮૨ કર્મચારીઓને લાભ મળશે જેમાં ૧,૧૬૭ શૈક્ષણિક અને ૧૧૫ બિન શૈક્ષણિક કર્મચારીઓનો સમાવેશ થાય છે. મંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે રાજયની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં ફરજ બજાવતા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક ફીકસ પગારના કર્મચારીઓને સરકારી ફીકસ પગારના કર્મચારીઓને પ્રાપ્ત મેડીકલ લીવ આપવામાં આવશે. કર્મચારીની પોતાની અથવા કુટુંબના સભ્યોની બિમારી કે અકસ્માતના કારણે થયેલ ગંભીર ઈજાના સંજોગોમાં વર્ષ દરમિયાન ૧૦ રજાઓ પુરા પગારમાં અથવા ૨૦ રજા અડધા પગારમાં નિયમ મુજબ મેડીકલ પ્રમાણપત્રને આધારે મળવાપાત્ર થશે. ફીકસ પગારના સમયગાળા દરમિયાન એકઠી થયેલ માંદગી અંગેની રજાઓ નિયમિત નિમણુંક બાદ આગળ ફોરવર્ડ પણ કરી શકાશે. આ ઉપરાંત ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના બિન શૈક્ષણિક ફીકસ પગારના નોન વેકેશનલ કર્મચારીઓને ફીકસ પગારના કર્મચારીઓને મળતા ૧૫ ખાસ રજાઓ મળવા પાત્ર થશે. ખાસ રજાઓ નિયમિત નિમણુંક બાદ આગળ લઈ જઈ શકાશે નહી.

# ગંભીરાબ્રિજ દુર્ઘટનામાં ૨૯ દિવસ બાદ ટેન્કરને નીચે ઉતારાયું : મરીન બલુનમાં હવા પુરી અને ટેન્કર ઉંચુ થયુ તે સાથે જ કેબલની મદદથી ખેંચી લેવાયું



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગઈ તા. ૯ જુલાઈના રોજ પાદરા નજીકના મુંજપુર ખાતે આવેલ ગંભીરાબ્રિજ ધરાશાયી થયા બાદ તુટેલા પુલ પર જોખમી રીતે લટકી રહેલા ટેન્કરને આખરે મરીન ઈમરજન્સીની ટીમ દ્વારા એરકેપ્સ્યુલના બલુનમાં હવા ભરીને સલામત જગ્યાએ લાવવામાં સફળતા સાંપડી છે.

હકીકતમાં પાદરા આણંદને જોડતો બ્રિજનો એક ભાગ અચાનક તુટી પડતા ત્યાંથી પસાર થઈ રહેલુ ટેન્કર જોખમી રીતે લટકી પડયુ હતું. આ લટકતા ટેન્કરને ઉતારવા માટે આણંદ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત વિશ્વકર્મા મરીન કંપની તેમજ મરીન ઈમરજન્સી ટીમના ૫૦ જેટલા એન્જીનીયરો અને નિષ્ણાંત કર્મચારીઓ દ્વારા બલુન ટેકનોલોજીની મદદથી હટાવવાની કામગીરી આરંભાઈ હતી. જેના માટે ટેન્કરને મજબુત કેબલ વડે બાંધી રાખવામાં આવી હતી. જયારે તેની નીચે બ્લેક કલરના મરીન બલુન મુકવામાં આવ્યા હતા, ત્યારબાદ બલુનમાં હવા ભરવામાં આવતા ટેન્કર ધીમે ધીમે ઉંચુ થઈ ગયુ હતું, આ સાથે જ કેબલથી ખેંચીને ટ્રકને બ્રિજ પર સલામત જગ્યાએ લાવી દેવામાં આવ્યુ હતુ ત્યારબાદ ક્રેઈનની મદદથી ટેન્કરને સલામત રીતે બ્રિજના છેડે લાવવામાં આવ્યુ હતું.

ટેન્કરને સલામત હટાવવા માટેના ઓપરેશનનું સંચાલન કંટ્રોલ રૂમમાંથી કરવામાં આવ્યુ હતું જયાં ૪ ડ્રોન કેમેરાની મદદથી અધિકારીઓની ટીમ સતત ઓપરેશન પર નજર રાખી રહી હતી આ સાથે જ ઘટનાસ્થળે જય બજરંગબલીના નારા ગુંજી ઉઠયા હતા. આ અંગે ની વિગતો આપતા વિશ્વકર્મા કંપનીના કેતનભાઈએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે નિષ્ણાંત ઈજનેરો સહિત આશરે ૭૦ જેટલા લોકો આ ઓપરેશનમાં જોડાયા હતા. ટેન્કરને બહાર કાઢવા માટે વિશ્વકર્મા કંપની પર વિશ્વાસ રાખવા બદલ ગુજરાત સરકારનો આભાર. ટેન્કરને બહાર કાઢવાની કામગીરી પડકારજનક હતી, પરંતુ સુઝબુજ અને કૌશલ્યથી આ કામ સફળતા પુર્વક પૂર્ણ કરવામાં આવ્યુ તેનો સંતોષ છે. ટેન્કરને બહાર કાઢવાની કામગીરી વેળા સુરક્ષાનુ ધ્યાન રાખીને અન્ય માપદંડો સાથે ૪ ડ્રોન વડે વિડીયો રેકોર્ડીંગ કરવામાં આવ્યુ હતુ જેથી નિરીક્ષણ કરી શકાય, એરલીફટીંગ રોલર બેગ (કેપ્સ્યુલ) અને બે મોટી ક્રેઈન તથા આધુનિક ટેકનોલોજી નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અત્રે જણાવી દઈએ કે ગંભીરાબ્રિજ જર્જરીત હોવાથી બે વર્ષ અગાઉ પણ સ્થાનિકોએ તેને બંધ કરવાની રજુઆત કરી હતી, જો કે વડોદરા માર્ગ મકાન વિભાગના અધિકારીઓએ કોઈ પગલા લીધા ન હતા જેના પરીણામે ૯ જુલાઈના રોજ બ્રિજ તુટી પડતા ૨૧ નિર્દોષ નાગરીકો મોતને ભેટયા હતા.જે બાદ જાગેલી સરકારે તાત્કાલીક પગલા લેતા જવાબદાર અધિકારીઓને ફરજમુકત કરીને તેમની મિલ્કતો તપાસવા માટે એસીબીને આદેશ આપ્યા હતા. ગંભીરાબ્રિજ દુર્ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા ૫ લોકોને તાત્કાલીક સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા જે પૈકી નરેન્દ્રસિંહ પઢીયારનુ બે દિવસની ટુંકી સારવારના અંતે મોત નિપજયુ હતું. જયારે ૨૮ દિવસથી હોસ્પીટલમાં જીવન અને મરણ વચ્ચે જંગ લડી રહેલા દિલીપ પઢીયારે પણ આજે સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લેતા પરીવારજનોમાં શોક છવાઈ ગયો હતો. હાલ તો દિલીપ પઢીયારના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે.

# પિતા દિકરીઓ માટે ખરાબ કામ કરે છે જેથી માતા એ ઘરમાં સીસીટીવી લગાડી નરાધમ બાપને ખરાબ કામ કરતો રંગે હાથ પકડયો




પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદના ગાયકવાડ હવેલી પોલીસની કસ્ટડીમાં બુરખામાં રહેલા નરાધમ સાવકા પિતાએ તેની બે દીકરીઓ સાથે શારીરીક અડપલા કર્યા હતા. ૧૫ અને ૧૪ વરસની બે સગીર દિકરીઓની એકલતાનો લાભ લઈ શારીરીક છેડછાડ કરી હતી. નોકરી માટે બહાર જતી માતાને દિકરીઓએ જાણ કરતા મામલો પોલીસ મથકે પહોચ્યો હતો. જે પહેલા માતાએ ઘરમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં નરાધમ પિતાની કરતુત કેદ થઈ હતી.

છેડતી અંગેની ફરીયાદ નોંધી પોલીસે તપાસ કરતા હકીકત સામે આવી કે ફરીયાદી મહિલાના વર્ષ ૨૦૦૫ માં પહેલા લગ્ન થયા હતા અને ૨૦૧૮ માં છુટાછેડા બાદ બીજા લગ્ન કર્યા હતા. જેમાં પહેલા લગ્નમાં સંતાનમાં બે દિકરીઓ હતી જે દિકરીઓ લઈને તે બીજા પતિ સાથે રહેવા આવી હતી. જો કે મે મહિનામાં ૨૧ અને ૨૯ તારીખે બંને દિકરીઓ સાથે પિતાએ છેડતી કરી હોવાની ફરીયાદ મળી હતી, ત્યારબાદ ઘરમાં સીસીટીવી કેમેરા લગાવતા ૨ જુને ફરી એક વખત નરાધમ સાવકા પિતાએ છેડતી કરી હતી, જે બનાવના સીસીટીવી ફુટેજ સામે આવતા પોલીસે નરાધમ સાવકા પિતા વિરૂધ્ધ પોકસો અને છેડતીની કલમો હેઠળ ગુન્હો નોધી આરોપીની ધરપકડ કરી છે.

પહેલા પતિ સાથે છુટાછેડા થયા બાદ માતાએ પોતાની બંને દિકરીઓના ઉજવળ ભવિષ્ય માટે બીજા લગ્ન કર્યા હતા. પરંતુ બીજા પતિએ નોકરી એ જતી પત્નીની ઘેર હાજરીમાં બંને બાળકીઓ સાથે છેડછાડ કરી હતી. જેથી માતાએ પતિ વિરૂધ્ધ શારીરિક અને માનસિક ત્રાસ ઉપરાંત દિકરીની છેડતી અને પોકસો હેઠળ ગુન્હો નોંધાવ્યો હતો.

# ગુજરાતમાં પાટીદાર આંદોલનના થયા મંડાણ: ૨૫ ઓગસ્ટથી પાટીદારો ગુજરાતમાં આંદોલન પર ઉતરશે

**બિન અનામત આયોગ અને નિગમોમાં ચેરમેન અને ડીરેકટરોની નિમણુંક ન થતા આંદોલનના મંડાણ**



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના અનેક આયોગ અને નિગમોમાં ચેરમેન અને ડીરેકટરોની નિમણુંક થઈ નથી, મોટાભાગના આયોગ ખાલીખમ પડયા છે. જેના કારણે વિવિધ સમાજના લોકો હેરાન થઈ રહ્યા છે. બિન અનામત આયોગમાં પણ ચેરમેન અને ડીરેકટરોની નિમણુંક માટે હવે પાટીદાર સમાજે સરકારને અલ્ટીમેટમ આપ્યુ છે. જેની અંતિમ તા.૨૫ ઓગસ્ટ છે.

ગુજરાતના અનેક આયોગ અને નિગમોમાં ચેરમેન અને ડીરેકટરોની નિમણુંક થઈ નથી. મોટાભાગના આયોગ ખાલી ખમ પડયા છે. જેના કારણે વિવિધ સમાજના લોકો હેરાન થઈ રહ્યા છે. હવે પાટીદાર સમાજે સરકારને અલ્ટીમેટમ આપ્યુ છે કે જો ૨૫ ઓગસ્ટ સુધીમાં ચેરમેન અને ડીરેકટરોની નિમણુંક કરવામાં નહી આવે તો પાટીદારો ફરી એ જ દિવસે અને એ જ તારીખે આંદોલન કરી શકે છે. ગુજરાતમાં બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ તથા આયોગમાં ચેરમેન અને પદાધિકારીઓની નિમણુંકમાં થઈ રહેલા વિલંબથી સમાજના વિવિધ વર્ગોમાં રોષ ફેલાઈ રહ્યો છે. ખાસ કરીને પાટીદાર સમાજે આ મુદ્દે સરકારને ૨૫ ઓગસ્ટ સુધીનુ અલ્ટીમેટમ આપ્યુ છે. બિન અનામત નિગમમાં ચેરમેનની ગેરહાજરીથી હાલ ૩૨૦૦ થી વધુ અરજીઓ પેન્ડીંગ પડી છે. જેના કારણે વિદ્યાર્થીઓને શૈક્ષણિક લોન, ભોજન બીલ સહાય, અને કોચીંગ સહાય જેવી યોજનાઓનો લાભ મળવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આગામી ૨૫ ઓગસ્ટની તારીખનુ ઐતિહાસિક મહત્વ છે. જુલાઈ ૨૦૧૫ માં પાટીદાર સમાજે અનામત માટે આંદોલનની શરૂઆત કરી હતી. પરંતુ ૨૫ ઓગસ્ટ ૨૦૧૫ ના દિવસે અમદાવાદમાં મોટુ પ્રદર્શન થયુ હતું. જેમાં હજારો પાટીદારો એકઠા થયા હતા અને એ જ દિવસે પોલીસ સાથે ઘર્ષણની ઘટનાથી આંદોલન ઉગ્ર બન્યુ હતું. ફરી એ જ તારીખે પાટીદાર નેતાઓએ સરકાર પર દબાણ વધાર્યુ છે. પાટીદાર સમાજના આગેવાનોનો આરોપ છે કે રાજકીય અને શૈક્ષણિક નેતાઓ આ મુદ્દે નિષ્ફળ રહ્યા છે. સરકાર હવે આ દબાણને કેવી રીતે હેન્ડલ કરશે ? શું ૨૫ ઓગસ્ટ પહેલા નિમણુંકો થશે કે પાટીદાર સમાજ ફરી એકવાર આંદોલનનો રસ્તો અપનાવશે?

# સમાનતા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા અમદાવાદમાં રક્ષાબંધન ઉજવણી કાર્યક્રમ યોજાયો



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદ ખાતે સમાનતા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા ૩ ઓગસ્ટ ૨૦૨૫ રવિવાર ના રોજ રક્ષાબંધન ૨૦૨૫ પર્વ નિમિત્તે ઉજવણી કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં રક્ષાબંધન પર્વ ૯ મી ઓગસ્ટે હોવાથી તા. ૩ ને રવિવારના રોજ અમદાવાદ શહેરના મોટાભાગના પોલીસ સ્ટેશનોમાં મહિલા કર્મચારીઓ સાથે રક્ષાબંધન પર્વની ઉજવણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં રક્ષાબંધન પર્વ નિમિત્તે એક ભાઈ દ્વારા એક બહેનને રાખડી બાંધીને એક અનોખી રીતે રક્ષાબંધન પર્વ ઉજવવામાં આવ્યો હતો. આ ઉપરાંત વર્કીંગ વુમનને પોતાના ઘરની જવાબદારી સાથે દેશના જીડીપીમાં યોગદાન આપવા બદલ સર્ટીફીકેટથી પણ બહુમાન અને સન્માનિત કરવામાં આવ્યા હતા. સમાનતા ફાઉન્ડેશન સંસ્થાના આ અનોખો રક્ષાબંધન કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ દેશ અને સમાજમાં દરેક વર્ગમાં એક બીજા સાથે સૌહાર્દ પુર્ણ અને સમાનતાનુ બંધન જળવાઈ રહે તે હેતુસરનો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના મોટાભાગના સ્વયંસેવકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. રક્ષાબંધનના કાર્યક્રમમાં બહેનો તરફથી મળેલો અભુતપૂર્વ સાથ સહકાર મળવા બદલ સંસ્થા તરફથી આભાર માનવામાં આવ્યો હતો.

# ગુજરાતમાં નકલી ભરતી કૌભાંડ: યુવાઓના ભવિષ્ય સાથે ચેડા: યુવરાજસિંહ જાડેજાનો ઘટસ્ફોટ



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં નકલીની ભરમાર જોવા મળી રહી છે, ગુજરાતમાં હવે નકલી ભરતી કૌભાંડ સામે આવ્યુ છે. આ ભરતીની કોઈ મંજુરી જ લેવામાં આવી ન હતી, ભરતીની જાહેરાત બહાર પાડવામાં આવી, ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી, પ્રિલીમિનરી પરીક્ષા લેવામાં આવી, મુખ્ય પરીક્ષા લેવામાં આવી અને ડોકયુમેન્ટ વેરીફીકેશન પણ થઈ ગયા, મેડીકલ વેરીફીકેશન પણ કરી નાખવામાં આવ્યુ અને જગ્યાની ફાળવણી પણ કરવામાં આવી અને જયારે નિમણુંકપત્ર દેવાની વાત આવી ત્યારે કહેવામાં આવ્યુ કે આ ભરતીની મંજુરી જ લેવામાં આવી નથી, આ ઘટનાનો ખુલાસો યુવરાજસિંહ જાડેજાએ કર્યો છે. યુવરાજસિંહ જાડેજાએ ખુલાસો કરતા કહ્યુ હતુ કે ઉર્જા વિભાગ અંતર્ગત જેટકોની અંદર પીએ-૧ (પ્લાન એટેન્ડન્ટ) ની ભરતી હતી આ ભરતી આજથી એકાદ વર્ષ અગાઉ ૬/૩/૨૦૨૪ ના રોજ કરવામાં આવી હતી. જેની પ્રિલીમિનરી પરીક્ષા ૨૩/૭/૨૦૨૪ માં લેવામાં આવી હતી. મુખ્ય પરીક્ષા ૨૨/૯/૨૦૨૪ માં લેવામાં આવી હતી.

આ સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ થઈ અને જયારે વિભાગને નિમણુંક પત્રો દેવા માટે વાત કરવામાં આવી તો વિભાગે કહ્યુ કે અમારી પાસે તો મંજુરી જ નથી, અમારે પૂર્વ મંજુરી લેવી પડે, ગુજરાત સરકારનું ઉર્જા અને પેટ્રો વિભાગની મંજુરી લેવી પડે તે કોઈપણ પ્રકારની મંજુરી લેવામાં આવી ન હતી, રાજયમાં ફરી એકવાર પરીક્ષામાં ફકત બેદરકારી જ નહી પરંતુ સુનિયોજીત રીતે કાવતરૂ રચી અધિકારી અને યુનિયન સાથે મળી યુવાનોના ભવિષ્યની સાથે ચેડા કરવામાં આવ્યા હોવાનો દાવો યુવરાજસિંહ જાડેજાએ કર્યો છે.

# વાઘોડિયામાં પોલીસકર્મીએ ગળેફાંસો ખાઈને આપઘાત કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા જિલ્લાના વાઘોડિયામાં ફરજ બજાવતા એક પોલીસકર્મીએ ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો હોવાની દુઃખદ ઘટના સામે આવી હતી. આ ઘટનાને પગલે પોલીસ બેડામાં શોકનું મોજું ફરી વળ્યું હતું. આપઘાતનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. પ્રકાશભાઈ શંકરભાઈ રાઠવા જે વાઘોડિયા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા તેમણે વાઘોડિયાની રણછોડધામ સોસાયટીમાં આવેલા પોતાના ભાડાના મકાનમાં ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું હતું.

આ ઘટનાની જાણ થતા જ વાઘોડિયા પોલીસ સ્ટેશનના પીઆઈ સહિતનો પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે દ્વારા મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને વધુ તપાસ હાથ ધરી હતી. પ્રકાશભાઈએ કયા કારણોસર આટલું ગંભીર પગલું ભર્યું તે અંગે પોલીસ હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરી શકી નથી.પોલીસ દ્વારા તેમના પરિવારજનો અને સહકર્મીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. જેથી આપઘાત પાછળનું કારણ જાણી શકાય. પોલીસ એ પણ તપાસ કરી રહી છે કે શું તેમને કોઈ નોકરી સંબંધિત કે અંગત જીવનની કોઈ સમસ્યા હતી કે કેમ. આ ઘટનાએ પોલીસ કર્મચારીઓના માનસિક સ્વાસ્થ્ય અને તેમના કામના દબાણ અંગે ગંભીર ચિંતા ઉભી કરી હતી.